

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

રમાડે 'ખો-ખો' સૌને, 'વિજય'નો ધ્વજ ફરકે છે,
અમલ છૂપા એજન્ડા, સંઘનો ધ્વજ ફરકે છે,
ધ્વજ ફરકે છે મેલા હાથોથી ને 'સ્વાતંત્ર્ય-દીન'
છે લોકસાહી, પણ બેલડીનો ધ્વજ ફરકે છે...
(ધ્વજ વંદન)

### હાઈકુ

ખેંચાશે દોરી,
ને વંચાશે ભાષણો -
આજ્ઞા-મુજબ...!

સરકારનો,
વાર્ષિક ક્રિયાકાંડ -
'સ્વાતંત્ર્ય-દિન'

### ચિંતન

સુજનાઃ પરોપકારં શૂરાઃ શસ્ત્ર ધનં કૃપણાઃ ।
કુલવત્યો મન્દાક્ષં પ્રાણાત્યયે ન મુચન્તિ ॥

સજ્જનો પરોપકાર, શૂરવીર શસ્ત્ર અને કંજૂસો ધન તથા કુળવાન સ્ત્રીઓ શરમને પ્રાણના ભોગે પણ ત્યજતા નથી.

સજ્જનોનો સ્વભાવ પરહિત જોવાનો હોય છે એમની રગોમાં સેવા-પરોપકાર વહે છે એ કોઈ પણ સંજોગોમાં આ સ્વભાવ છોડતા નથી.

કંજૂસ 'પૈસા' મેળવવા કે બચાવવા માટે જીવનો ભય પણ સામાન્ય ગણે છે.

જયારે ચારિત્ર્યવાન સ્ત્રી કદાપિ ચારિત્ર્યથી ચલિત નથી ગમે તેવી - ગમે તેવી લાલચ-પ્રલોભન આવે તો પણ, 'પ્રાણ' જીવનની આહુતિ આપીને પણ ચારિત્ર્યનું રક્ષણ કરે છે.

### સુવિચાર

- ઉત્સાહ વિનાની દરેક ક્રિયા નિર્જીવ હોય છે - **ડો. અઢિયા**
- સારો હોય કે બૂરો પ્રત્યેક વિચાર શરીરમાં રહેલા લોહીના કણેકણને અસર પહોંચાડે છે - **લાભશંકર ઠાકર**
- મુસીબત કરતા મુસીબતનું મહોરું વિકરાલ દેખાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- રોગ, કડવાશ અને દુઃખ બહુ વાગોળવું નહીં - **મહેન્દ્ર મેઘાણી**
- તમારી નિરાશાનું કારણ એ જ છે કે તમે તમારા જ સુખ માટે જીવી રહ્યા છો - **વજુ કોટક**
- દરેક માણસે વિચારવું જોઈએ કે તે શું પ્રાપ્ત કરવા ઈચ્છે છે? શું પ્રાપ્ત થઈ શકે તેમ છે? અને શું છોડવું પડે તેમ છે? - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : પાચન અગ્નિ આપણો મોટો છે આધાર,
  જનત હંમેશા તેનું, કરવું સર્વ પ્રકાર. **(દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ તો ખાખી કપડાંવાળા (ચઢ્ઢી હોય કે પેન્ટ) ને કોઈ પણ 'લારી' પર મફત ચરી ખાવાનો જાણે કે પરવાનો મળી ગયો હોય એમ હકથી ઓર્ડર આપે અને ખિસ્સામાં હાથ નાખ્યા વિના હેંડ્યા જાય - એમાં કોઈ પૈસા માગે તો માર ખાવાની તૈયારી રાખવી પડે!!

કોંગ્રેસ દેશમાં સ્વાતંત્ર્ય માટે ખૂબ સરસ કામ કરતી હતી. નિષ્ઠાવાન-દેશપ્રેમી નેતાઓની બોલબાલા હતી અને લોકચાહના પણ ખૂબ હતી.

પંડિતજી નહેરુ ૧૯૩૦માં અમદાવાદમાં કોંગ્રેસની એક કારોબારી મિટીંગમાં હાજરી આપી અમદાવાદ-દિલ્હી ટ્રેનમાં જતા હતા. ભૂખ લાગી - આબુ રોડમાં ટ્રેન રોકાઈ પંડિતજીએ દોડીને લારીવાળા પાસે ગયા અને પૂરી શાકનો પડિયો-દૂનો (પ્લેટ) ખરીદી. પૈસા કાઢ્યા - ત્યા લારીવાળો પંડિત જવાહરલાલ નહેરુને ઓળખી ગયો કહ્યું, 'નહેરુજી આપ જેવા મોટા દેશસેવક મારી લારીમાંથી પૂરી-શાક ખરીદો એ જ મારે માટે મોટી કિંમત છે મને પૈસા ન જોઈએ.'

ગુલાબી પંડિતજીનો ચહેરો લાલ થઈ ગયો. તાડૂક્યા - વેપારમાં આવા લાગણીવેડા ન ચાલે - પૈસા લઈ લ્યો! નહીંતર રાખો તમારાં પૂરી-શાક! લારીવાળાએ વંદનીય ભાવે પૈસા લઈ માથે ચઢાવ્યા.

# ઝંડા ઊંચા રહે હમારા!

દર વર્ષે પંદરમી ઑગસ્ટ આવે છે. વડાપ્રધાન લાલ કિલ્લા પરથી સંબોધન કરે છે. દેશને નવી નવી આશાઓ અને અરમાનોની ભેટ આપે છે. અદલ ક્રિસમસના સાન્તાક્લોઝ જેવો જ આ કર્મકાંડ બની ગયો છે. એથી પ્રજાને પણ જેટલા ઉમંગ કે ઉત્સાહ આઝાદીનાં શરુઆતનાં વર્ષો દરમિયાન હતો એવો આઝાદીના સાત દાયકાને અંતે રહેવા પામ્યો નથી. સ્વાતંત્ર્યદિનની ઉજવણી પ્રજાકીય પર્વ બનવાની જગ્યાએ સરકારી કાર્યક્રમ બની ગયેલ છે. પ્રજાને પરંપરાગત ધાર્મિક તહેવારોમાં જે રસ પડે છે એથી સોમા કે હજારના ભાગનો રસ આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં નથી રહ્યો. ભારતીય લોકશાહીની આ વિડંબના જ ગણવી રહી. વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિનું ગૌરવ લેતાં આપણે થાકતાં નથી, પરંતુ હજારો વર્ષોથી રાજા રજવાડાંની તથા વિદેશી પ્રજાની ગુલાબીમાંથી મુક્ત થવા માટે અપાયેલાં બલિદાનોની ગાથા ભુલાતી જાય છે. મહાત્મા ગાંધીની સાત્ત્વિક વિચારધારા રાજકારણમાં ખપ લાગે એવી નથી. તેથી ગાંધીજીનો ઉલ્લેખ કે એમની સમાધિ પર પુષ્પચક્ર ચડાવવાની વિધિ પણ માત્ર કર્મકાંડ બની રહેલ છે. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે પ્રથમ વડાપ્રધાને લાલ કિલ્લા પરથી કરેલ સંબોધનમાં રાષ્ટ્રને રાખમાંથી બેઠું કરવાનો સંકલ્પ રણકતો હતો. એ પછીનાં વર્ષો દરમિયાન યમુનામાં ઘણાં પાણી વહી ગયાં છે. વિશ્વની મહાસત્તાઓ સાથે પાટલો માંડી શકે એ બરની ક્ષમતા વિકસી હોવા છતાં દેશમાં કરોડો લોકોને હજી બે ટંક સરખું ભોજન નથી મળતું અને કરોડો લોકોને માથે છાપરું નથી તે હકીકત નકારી શકાય તેમ નથી. એક તરફ આપણે મંગળ પર યાન મોકલી શકીએ છીએ, બીજી તરફ કરોડો લોકો પાસે ખુલ્લામાં શૌચક્રિયા કરે છે. વિવિધ ધર્મ-સંપ્રદાયો અને વિચારધારાઓને આશ્રણ આપનારી આ પવિત્ર ભૂમિનાં સંતાનોને પોતાની ભાષાનું અભિમાન નથી. શક્ય હોય ત્યાં સુધી વાલીઓ એમનાં બાળકોને વધુ સારી જિંદગીની અપેક્ષાએ વિદેશોમાં ધકેલી દેવાની કોશિશ કરે છે. અહીં ગંદકી છે, ભ્રષ્ટાચાર છે. યોગ્યતાની કદર નથી. અહીંથી બહાર જનાર સોળે કળાએ ખીલે છે. દેશનું રાજકારણ છેલ્લી કક્ષાએ નીચું ઊતરી ગયું છે. પ્રામાણિકતા દીવો લઈને શોધવા નીકળતાં પણ જડે કે કેમ તે પ્રશ્ન છે. બધા એકબીજાથી આગળ નીકળી જવાની ઉંદર દોડમાં પડેલા છે. ખેડૂતોને ખેતી પોસાતી નથી.દેવાના ડુંગર નીચે દબાયેલો જગતનો તાત નાછૂટકે એની જિંદગી ટૂંપાવતો રહે છે. છાપું ખોલો કે ટીવી : રોજના હિસાબે ગેંગરેપના માઠા સમાચાર પ્રસારિત થતા રહે છે. સ્ત્રી દાક્ષિણ્યની ગુલબાંકો પોકારતા દેશમાં - સવિશેષ રાજધાની દિલ્હી સહિતના મહાનગરોથી લઈ આસપાસના વિસ્તારોમાં સ્ત્રીઓના યૌનશોષણના ગુના બનતા રહે જ રહે છે. રિયો ઓલિમ્પિકમાં મેડલ તો બાજુએ રહ્યો, ઊલટાના આપણા રમતગમતમંત્રીની વર્તણૂકથી દેશને નીચાજોણું થયું છે. આવી વિકટ પરિસ્થિતિ છતાં કારમી મંદીમાં આપણું અર્થકારણ અકબંધ રહ્યું છે. - વિકાસદર જળવાયો છે અને

**તંત્રીસ્થાનેથી...**

પ્રજાને લોકશાહીમાં પૂરો ભરોસો રહ્યો છે. સરકાર ગમે તે પાર્ટીની હોય, પરંતુ એ જાણે છે કે ખરી સત્તા તો પ્રજા પાસે છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે આપણે ગર્વભેર માથું ઊંચું રાખીને ફરી શકીએ એમ છીએ. આપણી ચેતના અકબંધ છે. સૌને સ્વાતંત્ર્યપર્વની શુભેચ્છાઓ : ઝંડા ઊંચા રહે હમારા!

# કૌટુંબીક મિલ્કતની વહેચણી માટે રજીસ્ટર દસ્તાવેજ હોવો જરૂરી નથી



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

હિન્દુ સંયુકત કુટુંબમાં કુટુંબના વડિલ પોતાની હયાતીમાં કુટુંબની સંયુકત મીલ્કત વડિલોપાર્જીત વારસાગત જમીનની વહેચણી કુટુંબના સભ્યો વચ્ચે કરી આપે અગર તો કુટુંબના વડિલ વ્યક્તિનું અવસાન થવાને કારણે વારસાઈ કરવાના કારણે વારસદારો વચ્ચે સમજુતી થાય અને પુત્રીઓ કે બહેનો ભાઈઓ ભાગમાં પોતાનો હક્ક એક વખત જતો કરે અગર તો છોડી દે તેમજ મીલ્કતની તબદીલી નાણાંકીય વ્યવહાર વગર અંદરો અંદર કરે આવી વહેચણીને કૌટુંબીક વહેચણી તરીકે ઓળખાય છે અને આવી બીન અવેજી વ્યવહારની સમજુતી કરવા રજીસ્ટર દસ્તાવેજની આવશ્યકતા નથી.

કૌટુંબીક વિભાજનના કેસમાં એક વખત હક્ક, ટાઈટલ તથા દરજ્જાની વહેચણી અથવા વિભાજન કરવામાં આવે અને અન્ય સીધી લીટીના વારસદારે સ્વીકારવામાં આવે તો તે તમામ સંયુકત મીલ્કતનું વિભાજન થઈ ગયું ગણાય અથવા કૌટુંબીક વહેચણી થયેલ ગણાય. કૌટુંબીક મીલ્કતના વહેચણીના તકરારમાં કોઈ ચોક્કસ મીલ્કત વિભાજમાંથી બાકાત રાખવામાં આવી હોય તેમ સાબીત કરવાનો બોજો તકરાર ઉભી કરનારના શીરે રહે છે જે તે મીલ્કત હોવાનો આક્ષેપ કરે તો એક વખત હક્ક કે ટાઈટલ તથા દરજ્જાની વહેચણી અને વિભાજન થયાનું અનુમાન કરી શકાય જે નામદાર સુપ્રીમ કોર્ટે કેશરભાઈના કેસમાં પ્રસ્થાપિત કરી નીચલી કોર્ટનો હુકમ કાયમ રાખેલ. ૧૯૮૫ માં વિભાજીત થયેલ મીલ્કતને પડકારવામાં અરજદારને એસ્ટોયલનો બાધ નડે પક્ષકારો વચ્ચે મીલ્કતને નવેસરથી વિભાજન કરવા હક્કદાર નથી. નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે ૧૯૮૫ માં થયેલ મીલ્કતનું વિભાજનએ સંપૂર્ણ હતું કોઈ જ શરત ન હતી અને વિભાજનનો બન્ને પક્ષકારોએ પાલન કરેલ.

કોઈ એક વખત હક્ક, ટાઈટલ અથવા દરજ્જાની વહેચણીના અર્થમાં વિભાજન સાબીત થાય અથવા તેને સ્વીકારવામાં આવે તો તે વખતનું અનુમાન એ છે કે તમામ સંયુકત મીલ્કતનું વિભાજન થયું હતું અથવા વહેચણી થઈ હતી એ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે તેમાં ફેરફાર થઈ શકે નહિ જો પક્ષકારો વચ્ચે સમજુતીથી ફેરફાર કરેલ હોય તો અલગ વાત છે. જયાં સુધી વિરૂધ્ધની હક્કિત પુરવાર ના થાય ત્યાં સુધી દરેક હિન્દુ કુટુંબએ સંયુકત અને વિભક્ત કુટુંબ છે અને તેની તમામ મીલ્કતો સંયુકત છે જે સંયુકત અને વિભક્ત કુટુંબની સામાન્ય શરત છે. શરત સ્વીકારનાર કોઈપણ પક્ષકારને તેના પક્ષે કુટુંબના સંયુકતપણા અથવા અલગતાના સંબંધમાં કોઈ અનુમાન પ્રાપ્ત નથી. નિઃશકપણે હિન્દુ કુટુંબને સંયુકત કુટુંબ ધારી લેવામાં આવે છે તે સામાન્ય સિધ્ધાંત છે સીવાય કે તેથી વિરૂધ્ધની હક્કિત સાબીત કરવામાં આવે પરંતુ જયા એવી કબુલાત થયેલ હોય કે સમાંશીત પૈકિના એકે પોતાની જાતને સંયુકત કુટુંબના અન્ય સભ્યોથી અલગ કરી દીધી હતી અને સંયુકત મીલ્કતમાંથી તેનો હિસ્સો તેના માટે વિભાજીત કર્યો હતો તો એંવું અનુમાન થઈ શકે નહિ કે બાકીના સમાંશીત કુટુંબો તરીકે ચાલુ રહ્યા હતા. વિભાજન સમયે સમાંશીતો અલગ થયા કે સાથે રહ્યા હતા તે દરેક પક્ષકારોના કેસમાં પક્ષકારોના ઈરાદાઓના સંબંધમાં પુરાવા ઉપર નિર્ણય કરવાનો એ હક્કિતનો પ્રશ્ન બની રહે છે તેવું પ્રસ્થાપિત કરવાનો બોજ બેશક રીતે જે તે અરજદારના શીરે છે જે મીલ્કતમાંથી એવી ચોક્કસ સ્થિતિના અસ્તીત્વ અંગે નિવેદન કરે છે કે તેના આધાર ઉપર તે મદાર રાખી દાદની માંગણી કરે છે.

જે મીલ્કતમાં અરજદાર હક્ક કરતો હોય તે પોતાના કબજામાં છે કે કેમ? તેમજ જે મીલ્કતમાં અરજદારનું સંયુકત સહમાલીકીએ નામ ચાલતું હોય તેમાં અરજદારનો કબજો હતો કે કેમ? તે સાબીત અરજદારે કરવાનું રહે છે અગર તો પોતે જે મીલ્કતનો સહમાલીક હતો તેમાં પોતાનો હક્ક બીન અવેજી રીતે અન્ય સહ માલીકના કિસ્સામાં જતો કરેલ હતો કે કેમ? એક વખત હક્ક જતો (વેઈવ) અન્ય સહ હિસ્સેદારની તરફેણમાં કરેલ હોય તો ત્યારબાદ ભવિષ્યમાં આવી મીલ્કતમાં હક્ક અધિકાર અરજદારને મળતો નથી કે રહેતો નથી તેવું નામદાર સુપ્રીમ કોર્ટે સીવીલ અપીલ નં. ૩૮૬૭/૧૪ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે.

કૌટુંબીક વહેચણીના તકરારના કેસમાં એક વખત હક્ક ટાઈટલ અગર તો દરજ્જાની વહેચણી ના અર્થમાં વિભાજન સાબીત થાય અથવા તેને સ્વીકારવામાં આવે તો તેનો અર્થ એવો થાય છે કે તમામ સંયુકત મીલ્કતોનું વિભાજન થઈ ગયું છે અથવા વહેચણી થઈ ગઈ છે કૌટુંબીક વહેચણીના તકરારના કેસમાં ચોક્કસ મીલ્કત વિભાજનમાંથી બાકાત રાખવામાં આવી હતી તે સાબીત કરવાનો બોજો તકરાર ઉપસ્થિત કરનાર અરજદારના શીરે છે પરંતુ એક વખત હક્ક દરજ્જાની વહેચણી થયેલ હોય તો તે તમામ સંયુકત મીલ્કતનું વિભાજન થયેલ ગણાય.

# ભરતી-ઓટ-તૂફાનો... સઘળું... અનિવાર્ય કુદરતનો ક્રમ; આસન તારું અડોલ રાખે એવું જબરું લંગર ગોત!

હીરા-માણેક-રત્ન-ખજાના... બધ્ધું છે, જા અંદર ગોત!
સૂરજ-ચંદર ધ્રુવ ને તારા... બધ્ધું છે... જા, અંદર ગોત!
આપત્તિના પહાડી કિલ્લા કંઈકને આડા આવ્યા છે;
અટકીશ મા, ધર બુદ્ધિ, સધ્ધર શક્તિ-સ્ત્રોત પુરંદર ગોત!
ડૂબવાનું છો હો નિર્માયું, તોય અલ્યા! તું માટી થા!
છોડ ઢાંકણી, ખાડા-કૂવા-નાળાં છોડ, સમંદર ગોત!
એક જ થાપે - આશીર્વાદે, એક જ મીટમાં ન્યાલ થઈશ;
પરચૂરણિયા મૂક નકામા, જોગી કો'ક કલંદર ગોત!
શુભ-અશુભ ને સાચા-જૂઠના જગત ખેલથી કયાં ભાગીશ?
કશું ન સ્પર્શે એવું ખાખી-ભગવું એક પટંતર ગોત!
ઊપડ્યો છો તો કે'દીનો... ને હલેસાં પણ બહુ માર્યાં;
ભલા આદમી! કયાં જાવુ છે? પોતીકું ક્યાંક બંદર ગોત!
ભરતી-ઓટ-તૂફાનો... સઘળું... અનિવાર્ય કુદરતનો ક્રમ;
આસન તારું અડોલ રાખે એવું જબરું લંગર ગોત!
ઝાઝાં થોથાં, ઝાઝી બુદ્ધિ, ઝાઝા વાદ-વિવાદે શું?
જડીબુટ્ટી તો આ સામે રહી : સત્ય,'શિવ ને સુંદર' ગોત!
મળ્યા અને મળનારા જન્મે... તસુ-તસુ પણ ચડતો જા;
પાછો નહીં પડતો... જોગંદર! અંતર ગોત... નિરંતર ગોત!

**- યોગેન્દ્ર વિ. ભટ્ટ**

૭૦મા સ્વાતંત્ર્ય દિનની સર્વે ભારતીયોને અઢળક વધાઈ પાઠવીએ. આ ઉજવણી એક દિવસ પૂરતી આપણામાં દેશભક્તિ કે સકારાત્મકતાને ઉજાગર ન કરે અને ઉજવણીનો આનંદ સદાય આપણામાં મહેંકતો રહે તે જ શુભેચ્છાઓ. સ્વતંત્રતા મળી તે દિવસથી આજ સુધીમાં ભારતમાં, ભારતીયોની માનસિકતા, ભારતના અર્થતંત્રમાં કેટકેટલા પરિવર્તનો આવ્યા. પરંતુ, આ તમામ બાબતોની વચ્ચે એક વસ્તુ અકબંધ રહી છે અને તે છે ફરિયાદો! દેશ સ્વતંત્ર બન્યો ત્યારે પણ અમુક લોકોને અમુક ફરિયાદો હતી અને આજે પણ એક વર્ગ એવો છે જે માત્ર અને માત્ર ફરિયાદો જ કર્યા કરે છે તેમને ફરિયાદોમાંથી સ્વતંત્રતા ત્યારે જ મળી શકશે જયારે તે પોતાની પાસે જે છે તે જોતાં, સમજતાં અને માણતાં શીખશે. શ્રાવણ મહિનો એ શિવમહિમાના પર્વને ઉજવવાનો અવસર છે ત્યારે આપણી ભીતર રહેલા સત્ય, શિવ અને સુંદરને જાણીને તેને સમજતાં આપણે શીખીશું ત્યારે જ ખરા અર્થમાં નકારાત્મકતાથી સ્વતંત્ર થઈ શકીશું; ફરિયાદોથી મુક્તિ મેળવી શકીશું.

સ્વતંત્રતાના અનેક અર્થ સૌ કોઈ પોતપોતાની અનુકૂળતા મુજબ શોધી લેતા હોય છે. આજના આ યુગમાં વૈચારિક સ્વાતંત્ર્ય, વાણી અને વર્તનનું સ્વાતંત્ર્ય એ છેક સ્વચ્છંદી બનવા સુધી પહોંચી ગયેલું જણાય ત્યારે તે બાબત ચિંતાનો વિષય બની જાય છે. સ્વતંત્રતા આપણા માટે આજે પણ એટલી જ મહત્ત્વની બાબત છે. આપણે નકારાત્મક વિચારોથી, હીન વિચારસરણીથી, નિમ્ન સાહિત્યથી, નિંદા-કૂથલીથી આ પ્રકારની અનેક બાબતોથી પોતાની જાતને મુક્તિ અપાવવાની છે. સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે, આપણે આપણી જાતે જ એક સંકલ્પ લઈએ કે જે બાબત આપણને નિરાશા, હતાશા કે નકારાત્મક મનોદશા તરફ લઈ જાય તેનાથી પોતાની જાતને મુક્ત કરાવીશું. ટેકનોલોજીનો ઉપયોગ ચોક્કસપણે કરીશું પણ પોતાની જાતને તેના ગુલામ કયારેય ન જ બનવા દઈએ. ઈશ્વરની રચેલી આ સુંદર સૃષ્ટિમાં માનવે પોતાની બુદ્ધિમત્તા અને સૂઝબૂઝથી જે વધારો કર્યો છે તેનો ઉપયોગ વિકાસ તેમજ પ્રગતિ કરવા માટે કરીશું. પોતાની આસપાસ કોઈ પણ પ્રકારની નકારાત્મક ઉર્જા ફેલાવનાર વ્યક્તિ કે વસ્તુને કોઈ કાળે સાંખી લઈશું નહિ.



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર લખે છે,

'અધર્મથી માણસ અમુક વખત પૂરતો સંપત્તિવાન થાય છે, સુખો પામે છે, હરીફો ઉપર વિજય મેળવે છે, પણ અંતે સમૂળગો નાશ પામે છે.'

આપણા દેશની વિદ્યાપીઠો તો હરતી-ફરતી વિદ્યાપીઠો હતી. કબીર, નામદેવ, તુલસીદાસ, ચૈતન્ય વગેરેના અસંખ્ય ભક્તો ગામેગામ ફરતા અને, વેપારીઓ જેમ ગામેગામ ફરીને લોકોને પોતાનો માલ પહોંચાડે છે તેમ, તેઓ 'ઉપનિષદ' વગેરે બ્રહ્મવિદ્યા લોકોના કાન સુધી પહોંચાડતા. વિનોબા ભાવે કહે છે કે, 'બુદ્ધ-ઈશુ-કૃષ્ણથી ગુરુદેવ-રામકૃષ્ણ-વિવેકાનંદ જેવા સંતોએ જથ્થાબંધ બનાવેલો માલસામાન લઈને હું ગામેગામ જઈ તેનું છૂટક વેચાણ કરું છું.' આપણે મુક્તિ આપણી અંધશ્રદ્ધાથી મેળવવાની છે. ગામડાંમાં શાળાઓ વધી છે. કૉલેજનું શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ગામડામાં પણ વધી છે. પણ શિક્ષણના પ્રમાણમાં સામાજિક જાગૃતિનું દર્શન શા માટે નથી થતું? આજે પણ મરણ પાછળના બારમામાં આંધળો ખર્ચ, છડેચોક બાળલગ્નો, બાળક માંદુ પડે તો દોરાધાગા કરાય છે. અંધશ્રદ્ધાને વહેમથી મુક્તિ કયારે મેળવી શકીશું? પોતાના સંતાનોને ભણાવવાનો પ્રશ્ન આવે ત્યારે પૈસાના અભાવે અસહાય બની જનારા મા-બાપ તેમના લગ્નમાં આંધળો ખર્ચ કરે છે. આ બધાથી મુક્તિ મેળવીને આવો ખરા અર્થમાં સ્વાતંત્ર્યદિનની એક અનોખી ઉજવણી કરીએ!

શ્રી ઈશ્વર પેટલીકર લખે છે તેમ,

'શાળા કૉલેજોમાં આપણું શિક્ષણ સમાપ્ત થતું નથી. માણસ તેના આખા જીવનકાળ દરમિયાન કેટલે અંશે વિદ્યાર્થી રહે છે, તેના પર તેનો આધાર છે. વિવિધ પ્રકારનાં વાંચનનો રસ કેળવે અને દરરોજ ઓછામાં ઓછો અમુક સમય તો વાંચન માટે કાઢે, તેને એક જાતનું વ્યસન બનાવે, તો જ તે કેળવાયેલો કહી શકાય.'

- nehalgadhavi101@gmail.com

# જનાક્રોશ ખાળીને પુનઃ સત્તાપ્રાપ્તિનું એકમેવ લક્ષ્ય

આનંદીબહેન પટેલની સરકાર સામે આક્રોશનું આભ ફાટ્યું હોય ત્યાં થાગડથીગડને બદલે મહાશસ્ત્રક્રિયા કરીને જનાક્રોશ ખાળવા માટે સંઘ પરિવાર અને ભાજપી સંગઠનના મિલનસાર લેખાતા કુશળ કાઠિયાવાડી જૈન અગ્રણી વિજય રૂપાણીને અનુગામી બનાવાયાના રાજકીય સંકેતો સ્પષ્ટ છે. ૭૫ વર્ષની વયમર્યાદાનું તો નર્યું બહાનું હતું, બાકી આજેય મોદી સરકારમાં ઉત્તર પ્રદેશના બ્રાહ્મણ નેતા કલરાજ મિશ્ર હજુ અકબંધ છે જ ને? બહેને અદભૂત કામ કર્યાનાં ગુણગાન થયાં પણ આવતી ચૂંટણીમાં 'સ્ટબર્ન' રાજનેતા એવાં બહેનનું નેતૃત્વ ભાજપને ઘરભેગો કરીને વડા પ્રધાન મોદી અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને માટે નાલેશીભરી હાર અંકે કરાવી લેવાનું નિમિત્ત બનશે, એવું લાગતાં જ મહા-ઑપરેશન હાથ ધરાયું.બહુમતી પટેલ પ્રધાનો ઉપરાંત એકાએક કેશુબાપાના આશીર્વાદ લેવા જવાની પડાપડી છતાં આનંદીબહેનનો રોષ ક્યારે ભભૂકી ઊઠે એ કાંઈ કહેવાય નહીં.પાસના કંવીનર હાર્દિક પટેલ ઉદયપુરમાં નજરકેદ હોવા છતાં રોજેરોજ ભાજપને અકળાવનારાં નિવેદનો કરે છે.

રૂપાણી-નીતિનની જોડીને એકસાથે વરમાળા પહેરાવ્યા પછી ભાજપના ગુજરાતના અધ્યક્ષ તરીકે ભાવનગર જિલ્લાના લેઉવા પટેલ અને ભાવનગરની બેઠક પર કૉંગ્રેસના શક્તિસિંહ ગોહિલને હરાવીને રૂપાણીની જેમ જ પહેલીવાર વિધાનસભે આવેલા આક્રમક યુવા નેતા જીતુ વાઘાણીને મૂકી સરકાર અને પક્ષ કે સંગઠન વચ્ચે સુમેળભર્યો સંબંધ પ્રસ્થાપિત કરી ૨૦૧૭ની ચૂંટણી જીતવાની શતરંજ ગોઠવાઈ. જોકે પટેલ અનામત આંદોલન,દલિત આક્રોશની સાથે જ ભીલિસ્તાન ટાયગર સેનાના માધ્યમથી આદિવાસી પટ્ટામાં ઉશ્કેરણીનો નવો અસંતોષ વાવી રહેલા ગુજરાત જેડી-યૂના એકમાત્ર ધારાસભ્ય છોટુભાઇ વસાવાના પુત્ર મહેશ વસાવાને નાથવાની કડાકૂટ પણ રાજ્ય સરકારે કરવી પડશે.સાત-સાત વાર કૉંગ્રેસના લોકસભાના સભ્ય રહ્યા પછી ભાજપમાં જોડાઇ દાહોદની બેઠક લડી ડિપોઝીટ ગુમાવનાર સોમજી ડામોર ભીલિસ્તાનચળવળ વારસામાં આપી ગયા છે.અત્યારે ભલે એ ચિત્રમાં ના હોય, ભીલિસ્તાન ટાયગર સેનાનો સળવળાટ નવો અજંપો જરૂર સર્જે છે.

ગુજરાતમાં જૈન અગ્રણીને મુખ્ય પ્રધાન બનાવાય અને સાથે જ પ્રધાનમંડળમાં સર્વ જ્ઞાતિ - પ્રદેશનું સંતુલિત પ્રતિનિધિત્વ અપાય એવું ગોઠવવાની સાથે જ જે પ્રદેશ કે સમાજ પ્રધાનમંડળમાં પ્રતિનિધિત્વ પામી શક્યા નહીં, એમને સંસદીય સચિવોની વરણીમાં સ્થાન અપાયું. નીતિન પટેલ અને બીજા પાટીદારોને પણ મલાઈદાર ખાતાં અપાયાં. જેમણે પ્રદેશ ભાજપના હોદ્દે જવાની આનાકાની કરી એવા શંકરભાઈ ચૌધરીને કેબિનેટ કક્ષાનું પ્રધાનપદ અને ગૃહ રાજ્યપ્રધાનનો હોદ્દો હોઠ અને પ્યાલા વચ્ચેના અંતરે રહી ગયો. એમને રાજ્ય કક્ષાના પ્રધાન બનાવાયા, પણ ત્રણ-ત્રણ ખાતાંનો સ્વતંત્ર હવાલો અપાયો. 'મિશન ૨૦૧૭' ને પાર પાડવામાં અત્યારના તમામ ભાજપી ધારાસભ્યોને રાજી રાખવાની વૈષ્ણવ વાણિયા એવા અમિત શાહ અને એમના 'બૉસ' નરેન્દ્ર મોદીની કુનેહ છતાં ચૂંટણી નજીક આવતી થશે ત્યારે ભાજપી વાડામાંથી કેટલાંક ધારાસભ્યો જૂના સંઘી-ભાજપી અને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસના મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર જાહેર થનારા શંકરસિંહ વાઘેલાના વાડા ભણી ગતિ તો જરૂર કરી શકે.

મોદીયુગમાં ભાજપ જીતતી રહી ભલે હોય, પણ બેઠકોની સંખ્યા ઘટતી રહી છે. જોકે વડા પ્રધાન અને ભાજપના સર્વોચ્ચ નેતા મોદીએ નારો ભલે 'કૉંગ્રેસમુક્ત ભારત'નો આપ્યો હોય, ભાજપને તો 'કૉંગ્રેસયુક્ત ભાજપ' કરીને સત્તા સુધી પહોંચાડવાની કવાયતમાં તેઓ સફળ રહ્યા છે. આવતા દિવસોમાં પણ સામા પક્ષેથી કયા કયા પ્રભાવી નેતાઓ કે નારાજ નેતાઓને પોતાના એન્ટેનામાં લઈને ભાજપ સાથે જોડી શકે એ કહેવું જરા મુશ્કેલ છે. પ્રજા તો બિચારી નારાઓથી પ્રભાવિત થઈને કે સોનેરી સ્વપ્નોથી અંજાઈને ભોળાભાવે છેતરાવા બેઠી જ છે. પાંચ વર્ષ સુધી તો એને નામે વહીવટ થશે, ગર્જનાઓ થશે અને પાંચ વર્ષ પછીનાં ગતકડાં કાંઈક નવા શોધી લવાશે. પ્રશાંત કિશોર જેવા ચાણક્યોનો ભારતની ભોમકામાં ક્યાં તોટો છે?

માધવસિંહ અત્યારે નેવુંના થયા છે. એમના વારસ ભરતસિંહ સોલંકી પ્રદેશ પ્રમુખના હોદ્દે છે અને થોડીક નાદુરસ્ત તબિયતે પણ મુખ્ય પ્રધાન થવાના અભરખા એમને સતાવે છે. અહમદ-દુઆવાળા શક્તિસિંહગોહિલ કે અર્જુન મોઢવાડિયાની દાઢ પણ મુખ્ય પ્રધાન પદ માટે સળકે ખરી. પાટીદાર આંદોલનગ્રસ્ત ગુજરાતમાં કૉંગ્રેસ પાસે ચીમનભાઈના રાજકીય વારસ સિદ્ધાર્થ પટેલ છે, પણ એ ભલા માણસોની શ્રેણીમાં આવે. આવા સંજોગોમાં શંકરસિંહ વાઘેલાની ઉમેદવારી સામે પક્ષમાંથી કોઈ કાળોતરો બનીને અપશુકન ના કરે તો અત્યારે ૨૩ (૩૩માંથી) જિલ્લા પંચાયતો અને ૧૫૦ કરતાં વધુ નગરપાલિકાઓ પર શાસન કરતી કૉંગ્રેસને વિધાનસભામાં બહુમતી મળવાના સંજોગો ખરા. જોકે અહીં પણ ભાજપની તુલનામાં પક્ષના કાર્યકરોની કેડર અને ધનના ઢગલાની બાબતમાં કૉંગ્રેસ થોડીઘણી ઊણી ઉતરે, પણ ઉત્તર પ્રદેશ અને પંજાબમાં ભાજપને ઝાઝી આશા નથી એવા સંજોગોમાં મોદી - અમિતની જુગલબંધીને લપડાક મારી શકાય. કમનસીબે કૉંગ્રેસનું માળખું બોદું છે. શંકરસિંહ ભાજપી ગઢમાં ગાબડાં પાડે અને વિશ્વ હિંદુ પરિષદના સુપ્રીમ ડૉ. પ્રવીણ તોગડિયા ભલે ગુજરાત મોડેલને બોગસ લેખાવતા હોય, પણ અંતે તો સંઘ પરિવાર ભાજપને જ ટેકો કરે.



**અતિતની આજ**

ડો. હરિ દેસાઈ

વિજય રૂપાણી અને નીતિન પટેલની જોડી મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન તરીકે વિધાનસભાની ચૂંટણીમાં નેતૃત્વ પૂરું પાડે એવી અપેક્ષા કરીએ. ચૂંટણી પૂર્વે કે પછી અમિત શાહને મુખ્ય પ્રધાન પદનું સુકાન સોંપાય તેવી અત્યારથી આરંભાયેલી ચર્ચા ભાજપને એકંદરે નુકસાન કરી શકે. અમિતભાઈ સાંસદ બનીને રાજ્યસભે કે લોકસભે જઈ રાષ્ટ્રની સેવામાં મોદી સરકારમાં જોડાય એ વધુ આવકાર્ય લેખાશે. ત્યાં રહીને પણ ગુજરાતમાં ભાજપને વિજયી બનાવી શકાય છે. જોકે રાજકારણ જે બાબતોને પ્રજાની સામે લાવે છે એના કરતાં વધુ બાબતોને ઓઝલમાં રાખે છે. ગુજરાતમાં નવી સરકારની રચનામાં જે રીતે બાજીનાં પત્તાં ચીપવામાં આવ્યાં છે. એ જોતાં વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી માટેના ફંડિંગની વ્યવસ્થાનો પણ વિશેષ ખ્યાલ કરાયો છે. અંતે રાજકારણમાં કોઈ મંજીરા વગાડવા માટે તો આવતું નથી.પ્રધાનોની પસંદગીની બાબતમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જે કંઈ નિર્ણય કર્યો હોય એ યોગ્ય જ ગણવો પડે કારણ પક્ષની અંદરની માહોલ અને પ્રજાને કેવો સંદેશ આપવો છે એ તેઓ સુપેરે જાણે. જૂના જોગી ઓછા છે, પણ પ્રભાવી છે. વિજયભાઈએ ભલે કેબિનેટ પ્રધાન તરીકે ઓછો સમય કામ કર્યું હોય, એ મિલનસાર સ્વભાવના છે. દરેક વ્યક્તિ કાંઈ ન.મો. ના થઈ શકે. મુખ્ય પ્રધાન 'બૉસ' થઈને પ્રજા સમક્ષ જાય છે કે પછી સર્વમિત્ર તરીકે એ ખૂબ મહત્ત્વનો ફરક પાડે છે. લાંબા જોડે ટૂંકો જાય તો મરે નહીં તો માંદો થાય. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને શિક્ષણ ઉપરાંત મહેસૂલ અને સંસદીય બાબતો આપીને સાચવી લેવાયા છે. રમણલાલ વોરા અને મંગુભાઈ પટેલને પ્રધાનમંડળને બદલે અન્યત્ર સમાવાય અને જવાબદારી અપાય એની પાછળનાં ગણિત હોઈ શકે. સૌરભ પટેલને અન્યત્ર સવિશેષ જવાબદારી અપાશે. આ લખાય છે ત્યાં લગી પ્રદેશ ભાજપના અધ્યક્ષનું નામ જાહેર થયું નથી, પણ ભાજપ અને સંઘ પરિવારનો ઘોડો વિનમાં જરૂર છે.જોકે ઉત્તરપ્રદેશ અને પંજાબનાં વિધાનસભા ચૂંટણીનાં પરિણામો કેવાં આવે છે તેના પર ઘણોબધો મદાર છે એટલે ભાજપ કે કૉંગ્રેસ કોઈએ વધુ પડતા વિશ્વાસમાં રહેવાની જરૂર નથી.